શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૮ | ૬ નવેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; વિ. આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જો બિડેનની અમેરિકી પ્રમુખપદ તરફ આગેકૂચ

**અમેરિકામાં હિંસાની ભીતિ : અમેરિકાના પ્રમુખની ચૂંટણીનું ચિત્ર હજુ પણ સ્પષ્ટ ન થયું : મતગણતરી હજુ ચાલી રહી છે : ચૂંટણીના પરિણામોને ટ્રમ્પે ત્રણ રાજ્યોની કોર્ટમાં પડકાર્યા, વિસ્કોન્સિનમાં ફેરગણતરીની માગ, ઠેર-ઠેર ટ્રમ્પના સમર્થનમાં દેખાવો, હિંસાની ભીતિ**




વોશિંગ્ટન, તા. ૫

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કોણ બનશે તે અંગે હજુ પણ ચિત્ર સ્પષ્ટ નથી થયું. મતગણતરી હજુ ચાલી રહી છે અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બિડેન રેસમાં આગળ ચાલી રહ્યા છે. ૫૦ સ્ટેટમાંથી ૫૩૮ કુલ ઈલેક્ટોરલ વોટ પૈકી રાષ્ટ્રપતિ બનવા માટે ૨૭૦ ઈલેક્ટોરલ વોટ મેળવવાની જરૂર રહે છે. રિપ્લિકન પાર્ટીના નેતા તેમજ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈલેક્શનના પરિણામોમાં ગોલમાલની આશંકા વ્યક્ત કરતા કેટલીક કોર્ટમાં પરિણામ સામે કેસ દાખલ કર્યો છે. બન્ને નેતાઓ પોતાને વિજેતા જાહેર કરી રહ્યા છે. છેલ્લી મળેલી વિગતો મુજબ જો બિડેને ૨૬૪ ઈલેક્ટોરલ વોટ મેળવ્યા છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને ૨૧૪ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. હજુ પણ પોસ્ટલ બેલેની ગણતરી ચાલી રહી છે. કોરોના મહામારીને પગલે આ વખતે પોસ્ટલ બેલેટનો ધોધ વહ્યો હતો અને તેની ગણતરી ચાલુ છે. થોડા જ રાજ્યોની ગણતરી બાકી હોવાથી હવે ટૂંક સમયમાં સત્તાવાર રીતે વિજેતાની

● અનુસંધાન પાન-૭ પર

## આ મારી અંતિમ ચૂંટણી નિતીશનું ઈમોશનલ કાર્ડ

**૧૯૭૭માં સૌપ્રથમવાર ચૂંટણી લડનારા નીતિશ કુમારની સાતમી વખત બિહાર રાજ્યના મુખ્યમંત્રી પદ પર નજર**

પટના, તા. ૫

બિહારમાં વિધાનસભા ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે મુખ્યમંત્રી નીતીશ કુમારે એક મહત્વની જાહેરાત કરી છે. એક આશ્ચર્ય પમાડે તેવી જાહેરાત કરતા તેમણે કહ્યું કે આ તેમની અંતિમ ચૂંટણી છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે પૂર્ણિમામાં જનસભાને સંબોધિત કરતા કહ્યું કે આજે ચૂંટણી પ્રચારનો અંતિમ દિવસ છે અને પરમદિવસે ચૂંટણી છે. આ મારી અંતિમ ચૂંટણી છે. અંત ભલા તો સબ ભલા.



નોંધનીય છે કે નીતીશ કુમારે વર્ષ ૧૯૭૭માં પોતાની પહેલી ચૂંટણી લડી હતી. તેમણે નાલંદાના હરનૌતથી ચૂંટણી લડી હતી. ત્યાંથી જ તેમણે ચાર વખત ચૂંટણી લડી હતી. જેમાં ૧૯૭૭ અને ૧૯૮૦માં તેમને પરાજય મળ્યો હતો જ્યારે ૧૯૯૫ની ચૂંટણીમાં તેઓ વિજયી બન્યા હતા. તેઓ છ વખત બિહારના મુખ્યમંત્રી બન્યા હતા. વર્ષ ૨૦૦૪ બાદ તેમણે એક પણ ચૂંટણી લડી નથી. નીતીશ કુમારે વર્ષ ૨૦૦૪માં પોતાની અંતિમ ચૂંટણી લડી હતી, જેમાં તેમણે નાલંદામાંથી વિજયી

● અનુસંધાન પાન-૭ પર

# સીરમની રસી જાન્યુઆરી સુધીમાં આવશે

**ટ્રાયલ સફળતા-નિયમનકારી સંસ્થાની મંજૂરીનો ઈંતેજાર**

પૂણે, તા. ૫

કોવિડ-૧૯ રસી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં લોન્ચ થઈ શકે છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ આદર પૂનાવાલાએ જણાવ્યું કે એક સલામત અને અસરકારક રસી આવતા વર્ષની શરૂઆતમાં અમે લોન્ચ કરવા કરી શકીએ છીએ. પૂનાવાલાની કંપની ભારતમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા સંશોધીત રસી કોવિશિલ્ડનું પરીક્ષણ અને ઉત્પાદન કરવા પર કામ કરી રહી છે. તેમણે કહ્યું હતું કે જો ટ્રાયલ સફળ થાય અને નિયમનકારી સંસ્થાઓ પાસેથી મંજૂરી મળે તો રસી જાન્યુઆરી ૨૦૨૧માં આવી શકે છે. ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોવિડ રસી (એઝેડડી૧૨૨૨) ના અંતિમ તબક્કાના ટ્રાયલનાં

● અનુસંધાન પાન-૭ પર




## દેશમાં ફરી ૫૦,૦૦૦થી વધુ કોરોનાના પોઝિટિવ કેસ

**૭૭,૧૧,૮૦૯ દર્દીઓ સ્વસ્થ્ય થયા, કુલ મોત ૧,૨૪,૩૧૫, એક્ટિવ કેસ ૫,૨૭,૯૬૨**

ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૫૦૨૧૦ નવા કેસ સામે આવ્યા છે. તેની સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિતોની સંખ્યા વધીને



૮૩,૬૪,૦૮૬ થઈ ગઈ છે. તેની સાથે જ છેલ્લાં ૨૪ કાલકમાં ૫૫૩૩૧ દર્દી સાજા થઈ ગયા છે. એટલે કે સાજા થનારા દર્દીઓની સંખ્યા નવા સંક્રમિતોથી વધુ છે. દેશભરમાં અત્યાર સુધી ૭૭ લાખ ૧૧ હજાર ૮૦૯ દર્દી સાજા થઈ ચૂકયા છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૭૦૪ દર્દીઓના મોત પણ થયા છે. અત્યાર સુધી દેશભરમાં કોરોનાથી કુલ ૧ લાખ ૨૪ હજાર ૩૧૫ લોકોના મોત થયા છે.

દેશમાં કોરોનાનો રિકવરી રેટ વધીને ૯૨.૨ ટકા થઈ ચૂકયો છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા માત્ર ૬.૩૧ ટકા રહી છે. દેશમાં કોરોનાથી ડેથ રેટ ઘટીને હવે ૧.૪૮ ટકા રહ્યો છે. જો કે હજુ પણ પોઝિટિવિટી રેટ ૪.૧૫ ટકા છે. દેશમાં હાલ કુલ એક્ટિવ કેસોની સંખ્યા ૫ લાખ ૭ હજાર ૯૬૨ છે. છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૧૨ લાખ ૦૯ હજાર ૪૨૫ સેમ્પલ ટેસ્ટ કર્યા છે. અત્યાર સુધી દેશભરમાં કુલ ૧૧ કરોડ ૪૨ લાખ ૮ હજાર ૩૮૪ સેમ્પલની તપાસ થઈ ચૂકી છે. દેશમાં ફરીથી સંક્રમણની રફતાર તેજ થઈ છે. આની પહેલાં ૨૫ ઑક્ટોબરના રોજ કોરોના દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી ઉપર હતી. ત્યારે ૫૦૧૨૯ કેસ નોંધાયા હતા. આજે આ સંખ્યા તેનાથી વધુ થઈ ગઈ. જ્યારે વચ્ચે નવા દર્દીઓની સંખ્યામાં ઘટાડો આવ્યો હતો. છેલ્લાં ૨૪ કલાકમાં કેરળમાં સૌથી વધુ નવા દર્દી સામે આવ્યા છે. ત્યાં ૮૫૧૬ નવા કેસોની ઓળખ થઈ ગઈ છે. બીજા નંબર પર રાષ્ટ્રીય રાજધાની દિલ્હી છે, જ્યાં ૬૮૪૨ નવા કેસ સામે આવ્યા છે.

## રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચિફના હાઈકોર્ટે જામીન ફગાવ્યા

મુંબઈ, તા. ૫

રિપબ્લિક ટીવીના ચિફ એડિટર અર્નબ ગોસ્વામીને હજી રાહત મળી નથી. અર્નબ ગોસ્વામીને હાઈકોર્ટમાંથી કોઈ રાહત મળી નથી અને જામીન અરજી પર હવે શુક્રવારે સુનાવણી થશે. અર્નબ ગોસ્વામીની મુંબઈની ઓફિસનું ઈન્ટિરિયર ડિઝાઈન કરનારા આર્કિટેકટ અન્વય નાયકએ ૨૦૧૮મા કરેલી આત્મહત્યાના કેસમાં અર્નબ ગોસ્વામી ધરપકડ કરવામાં આવી છે. જોકે, બોમ્બે હાઈકોર્ટે ગુરૂવારે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી. તેમના કાઉન્સેલ આબાદ પોન્ડાએ હાઈકોર્ટને ન્યાય આપવા માટે વિનંતી કરી હતી. જોકે, હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે તે તમામ પક્ષોને સાંભળશે અને ત્યારબાદ જ નિર્ણય લેશે. ગોસ્વામીએ બુધવારે હેબિયસ કોર્પ્સ અરજી દાખલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં હવાના પ્રદૂષણમાં બેફામ વધારો

ન્યુ દિલ્હી,તા.૫

પાટનગર નવી દિલ્હીમાં પ્રદૂષણ બેફામ વધી ગયું હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી અને એનસીઆરમાં ઘણાં સ્થળે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૦ના આંકને વટાવી ગયો હતો. વહેલી સવારે ધૂમ્મસ જેવું પ્રદૂષણ એટલું સઘન હોય છે કે ચાર પાંચ ફૂટ દૂરનું કશું નજરે પડતું નથી. આજે સવારે ગાઢ ધૂમ્મસ જેવું વાતાવરણ સર્જાયું હતું. જો કે એ ધૂમ્મસ નહીં પણ પ્રદૂષણ હતું.


**ફ્લેટની સ્કીમ વેચવાની છે**



કુડાસણમાં પ્રાઈમ લોકેશન પરની 2BHK (સુપર બિલ્ટઅપ એરિયા-૧૦૨૧ સ્કે.ફુટ)ની ૪ ફ્લોરની તદ્દન નવી જ બનેલી, દરેક ફ્લોર પર એક જ ફ્લેટ, દરેક ફ્લેટમાં ૩ બાથરૂમ, ૨૪ કલાક પાણીની સુવિધા, કોમન લીફ્ટ તથા એલોટેડ બેઝમેન્ટ પાર્કિંગ સાથે સોસાયટીના કોમન પ્લોટની બાજુમાં પ્રાઈમ લોકેશન

સ્થળ : ત્રિમૂર્તિ રેસિડેન્સી - પ્લોટ નં. ૧૩, આમ્રકુંજ સોસાયટી, ફ્રેન્ડ્ઝ સ્કીમ પાસે, પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલની પાછળ, કુડાસણ - ૩૮૨૪૨૧

9426590327 • 9173361386 • 9601033381



**ચિકનગુનિઆ માટેનો સચોટ ઉપાય**

રાત્રે સૂતા પહેલાં એક ડબ્બી આયુર્વેદિક પાવડર હુંફાળા પાણી સાથે લેવો, ત્યારબાદ કોઈપણ પ્રકારનો ખોરાક લેવો નહી.

પરેજી : આથેલું, તળેલું તથા ખટાશવાળી ચીજ જમાવામાં લેવી નહીં. કોર્સ પૂરો થયા બાદ છ દિવસ બાદ પરેજી રાખવાની જરૂર નથી.

પાવડરની કિંમત રૂ. ૫૦/- પ્રતિ ડબ્બી (છ ડબ્બીનો કોર્ષ)

દવા મેળવવાનું સ્થળ

'આરામ' બંગલો, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
રાજ હોઝીયરી, મહાલક્ષ્મી કિરાણાની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. અલ્પેશભાઈ : ૯૭૧૨૮૮૦૯૮૬

વાસદેવ આર. પટેલ - ફોન નં. ૯૯૯૮૮૮૦૪૮૮

ચિકનગુનિઆનો ૧૦૦% ઈલાજ ફક્ત ૧૨ કલાકમાં







## છેલ્લે... છેલ્લે...

- દિલ્હીમાં ફટકડા પર પ્રતિબંધ મુકાયો.
- ઝારખંડે પણ સીબીઆઈ માટે પ્રવેશબંધી જાહેર કરી
- બિહારના ભાગલપુરમાં ૧૦૦ લોકોથી ભરેલી હોડી પલટી જતાં ૫ના મોત
- જમ્મૂ-કાશ્મીરના શોપિયામાં આતંકીઓએ ૭૦ લાખ ભરેલી બેન્કની કેશ વાન લૂંટી
- અમેરિકામાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૧,૦૨,૫૯૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા
- સોમનાથ મંદિરમાં ૭૧ કરોડના ખર્ચે પરિસરમાં ભવ્ય પાર્વતી મંદિર બનશે


